સરકારી નોકરી કરતી મહિલાઓની જાતિય સતામણી અટકાવવા આંતરિક ફરિયાદ નિવારના સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૫-૪૪૬-ઇ
સચિવાલય, ગાંધીનગર,
તા.૦૮/૦૯/૨૦૨૨

વંચાણે લીધાઃ-

(૧) સા.ન્યા.અ.વિ.નો તા.૨૪/03/૨૦૨૧નો ઠરાવ ક્રમાંકઃપરચ-૧૦-૨૦૦૫-૪૪૬-ઈ

ઠરાવઃ-

ભારત સરકારશ્રીના કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા તા.૨૩-૦૪-૨૦૧૩ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરનામાં અન્વયે સરકારશ્રીના વિભાગો અને કચેરીઓ, રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/કોર્પોરેશનો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, સરકાર માન્ય સ્વાયત્ત સંસ્થાઓમાં નોકરીના સ્થળોએ નોકરી કરતી મહિલાઓ સાથે થતી જાતિય સતામણી સંબંધમાં થતી ફરિયાદોના નિવારણ માટે અને સર્વોચ્ચ અદાલતની માર્ગદર્શક સૂચનાઓ મુજબ દરેક વિભાગ કક્ષાએ પણ આવી સમિતિની રચના કરવાની રહે છે.

વંચાણે લીધેલ ક્રમ-૧ હેઠળના વિભાગના તા:૨૪/03/૨૦૨૧ના ઠરાવથી સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ ખાતે મહિલાઓ સાથે થતી જાતીય સતામણી સંબંધમાં થતી ફરિયાદોના નિવારણ માટે આંતરિક "ફરિયાદ નિવારણ" સમિતિની રચના કરવામાં આવેલ. આ આંતરિક "ફરિયાદ નિવારણ" સમિતિની નીચે મુજબ પુન: રચના કરવામાં આવે છે.

| ક્રમ | નામ | હોદ્દો | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી એસ.યુ.પરીખ | ઉપસચિવ, વર્ગ-૧ | અધ્યક્ષ |
| ૨. | કુ.કિર્તીબેન ચૌહાણ | સેકશન અધિકારી, વર્ગ-૨ | સભ્ય સચિવ |
| ૩. | શ્રીમતી હેતલ ગોહેલ | સેકશન અધિકારી, વર્ગ-૨ | સભ્ય |
| ૪. | શ્રીમતી સોનાલી પ્રિયદર્શી | નાયબ સેકશન અધિકારી | સભ્ય |
| ૫. | શ્રીમતી એચ.બી.ઠાકોર | નિવૃત્ત સેકશન આધિકારી | બિન સરકારી સભ્ય |

(૧) સમિતિનું કાર્યક્ષેત્ર સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના કર્મચારી/અધિકારીઓ પુરતુ રહેશે.

(૨) સમિતિમાં નિયુક્તિ પામેલ અધિકારી/કર્મચારીઓની મુદત નિમણૂંકની તારીખથી ૩ વર્ષની અથવા તેઓની બદલી/નિવૃતિ જેવા પ્રસંગો બને એ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી રહેશે અને પુનઃનિયુક્તિ માટે પાત્ર રહેશે.

(૩) સમિતિના બિન સરકારી સભ્યોને નિયમ અનુસાર બેઠકના દિવસ માટે ભથ્થું અને પરિવહન ખર્ચ આપવામાં આવશે.

(૪) સમિતિ તેને મળેલી ફરિયાદો પર ચર્ચા-વિચારણા કરશે અને તેના નિવારણ માટે યોગ્ય પગલા લેવા સરકારશ્રીને જરૂરી ભલામણો કરશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સંગીતા પટણી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સરદાર ભવન, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સરદાર ભવન, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નોડલ અધિકારી શ્રીમતી યુ.કે.પાઠક, ઇનસીટુ નાયબ સચિવ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શ્રીમતી એસ.યુ.પરીખ, ઉપસચિવ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કુ. કિર્તીબેન ચૌહાણ, સેકશન અધિકારી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શ્રીમતી હેતલ ગોહેલ, સેકશન અધિકારીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શ્રીમતી સોનાલી પ્રિયદર્શી, નાયબ સેકશન અધિકારી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શ્રીમતી એચ.બી.ઠાકોર, નિવૃત સેકશન અધિકારી,પ્લોટ નં.૩૪/૧, સેકટર-૪એ, ગાંધીનગર.
- સર્વે સંયુકત સચિવ/નાયબ સચિવ/ઉપ સચિવશ્રીઓ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, બ્લોક નં૯/૬માળે સચિવાલય, ગાંધીનગર.
- સર્વે સેકશન અધિકારીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વિભાગની વેબસાઇટ પર સદર ઠરાવ મૂકવા વિનંતીસહ)
- સ્ટોર ઇનચાર્જશ્રી/રજીસ્ટ્રી ઇનચાર્જશ્રી/રોકડ ઇનચાર્જશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેકટ ફાઇલ-૨૦૨૨